જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૬/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૫૫/૧૮

વટવા પોલીસ સ્ટેશન :-

## ઈગ્લીશ દારૂ / બીયર ની બોટલ નંગ-૧૬૮ સાથે કુલ્લે રૂ.૮૨૩૦૦/- ના મુદ્દામાલ સાથે એક મહિલાની અટકાયત કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી " જે " ડીવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી વટ્વા પોલીસ સ્ટેશનનાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારની ગેરકાયદેસર પ્રવ્રુતી નેસ્તનાબુદ કરવા કરેલ સુચના મુજબ આજરોજ તા.૦૪/૦૬/૨૦૧૮ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે સર્વેલંસ પો.સ.ઈ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ હતા દરમ્યાન એક બાતમી હકિકત આધારે રેઈડ કરતા એક બેન નામે (૧) ફરહાનબાનુ વા/ઓ સાજીદ નુરમિયા શેખ ઉ.વ.૩૦ રહે.૨૦૭ સનરાઈઝ ફ્લેટ ગોલ્ડન ટોકીઝ પાછળ વટવા અમદાવાદ શહેર નાઓને અલગ અલગ બ્રાન્ડની કુલ્લે ઈગ્લીશદારૂ ની બોટલ નંગ-૬૩ કિ,રૂ,૩૯૧૦૦/ તથા બિયરના ટીન નંગ ૧૦૫ જેની કિ.રૂ.૧૬૨૦૦/- તથા એક સેમસંગ મો.ફોનની નંગ- ની કિ.રૂ.૨૦૦૦/ ગણી તથા એક્સેસ ગાડીની કિ.રૂ.૨૫,૦૦૦/ ગણી કુલ્લે રૂ.૮૨૩૦૦/ નો મુદ્દામાલ કબ્જે કરી સદરી આરોપી બેનનાઓને પકડી અટક કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે તથા આ ગુનાના અન્ય આરોપીઓ (૧) જાવેદખાન સ/ઓ જમીલખાન નવાબખાન પઠાણ રહે.અલ્લાહનગર શક્તિ સોસાયટી સામે દાણીલિમડા અમદાવાદ (૨) ચન્દુભાઈ નામના માણસ રહે. વિંછીવાડા રાજસ્થાન જેનો મો.નં ૯૯૨૮૩૮૯૦૧૮ નાઓની તપાસ હાથ ધરવામા આવેલ છે.તા-૦૪/૦૬/૨૦૧૮

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૫/૨૦૧૮ ઇ.પી.કો કલમ.૩૦૨,૨૦૧ મુજબ ના કામના આરોપીને રાજસ્થાન કેસરીયાજી ખાતેથી પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓએ ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૫/૨૦૧૮ ઇ.પી.કો કલમ.૩૦૨,૨૦૧ મુજબના કામના આરોપી ગોવિંદકુમાર ભગોરા રહે.મ.ન ૩૯ શક્તિનગર સોસાયટી પંકજભાઇ દેસાઇના મકાનમા લાલબંગલા પાસે ઇસનપુર અમદાવાદનાને કોઇ પણ રીતે માહીતી મેળવી પકડી પાડી ગુનો શોધી કાઢવા માટે સુચના આપતા જે આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમો બનાવી ટેકનોલોજીનો ઉપયોગ કરી આરોપીનુ પુરૂ નામ ગોવિંદકુમાર પ્રકાશભાઇ ભગોરા રહે.ગામ-મુંદવાડા-એ ભગોરા ફલા તા ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાનનુ સરનામુ મેળવી તથા મોબાઇલ ફોન નંબર મેળવી નંબર ટ્રેસ કરી રાજસ્થાનના કેસરીયાજીથી પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ તથા અ.પો.કો સુરેશકુમાર જીવણભાઇ તથા બીજા સ્ટાફના માણસોએ ગણતરીના કલાકો મા જ પકડી પાડી સદરીને આજરોજ તા ૦૪/૦૬/૨૦૧૮ ના ક-૧૭/૩૦ વાગે અટક કરેલ છે તા.૦૪/૦૬/૨૦૧૮

**સુરક્ષા સેતુ રથ :**

"બાપુનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "બાપુનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.